# બીઆરએસ કોલેજ કહાનવાડીના વિદ્યાર્થીઓ દ્વારા
## મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત

અત્રેના મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે બીઆરએસ કોલેજ કહાનવાડીના બેચલર ઓફ રૂલર સ્ટડીઝના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ તા.૨૮.૧૨.૨૦૨૩ના રોજ કેન્દ્રની મુલાકાત લીધેલ. આ શૈક્ષણિક પ્રવાસમાં ૩૬ વિદ્યાર્થીઓએ કેન્દ્રના વિવિધ વિભાગની મુલાકાત લીધેલ. આ મુલાકાત દરમ્યાન ક્ષેત્ર નિદર્શનમાં વિવિધ શાકભાજી પાકોની જાતો તેમજ તેના સુધારણા અંગેના કાર્યક્રમની વિસ્તૃત માહિતી મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના વડાશ્રી ડૉ. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિકશ્રીએ આપેલ. તેમજ કેન્દ્રના મદદ સંશોધન વૈજ્ઞાનિકશ્રી ડૉ. એમ. એમ. પંડ્યાએ શાકભાજી પાકો જેવા કે રીંગણ, મરચા, ટામેટા વિગેરે પાકોમાં વિવિધ અખતરાઓ બીજ ઉત્પાદન કાર્યક્રમની વિસ્તૃત માહિતી આપી. ડૉ. સી. કે. બોરડ દ્વારા શાકભાજી પાકોમાં જીવાતો તેમજ રોગોની સમસ્યા અને તેના નિરાકરણના ઉપાયો વિશે સમજ આપી. વિદ્યાર્થીઓને શાકભાજી પાકો વિશે સચોટ તેમજ ગહન સમજ આપવા બદલ સેન્ટર ઓફ એક્સેલેન્સ, ઈસણામા, પેટલાદના પ્રતિનિધિ શ્રી આઈ. એમ. ઠાકોર દ્વારા આ કેન્દ્રનો આભાર વ્યક્ત કરવામાં આવેલ.




